

પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલબિહારી બાજપેયીના જન્મદિવસ નીમિત્તે ખેડબ્રહ્મા ખાતે સુશાસન દિવસની રેલી ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજવામાં આવી ત્યારેજે રસ્તા પર નીકળી ત્યારે રસ્તા પર આવેલી જનરલ હોસ્પિટલ પાસે ભારતના હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા યોજવામાં આવેલ સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડતા જોવા મળી રહ્યા હતા.

## ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાની બેંકોમાં મોટા પાયે ગોટાળા

ખેડબ્રહ્મા, તા.૨૫

ખેડબ્રહ્મા તાલુકા તેમજ પોશીના તાલુકાના ઊંડાણમાં આવેલી બેંકો તેમજ શહેરમાં આવેલી કેટલીક રાષ્ટ્રીયકૃત બેંકો અને સહકારી બેંકો મોટા પ્રમાણમાં ગેરરીતિ અને ગોટાળા આચાર્યાની ફરિયાદે ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા શહેરની પ્રજાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ બેંકો દ્વારા કરવામાં આવી રહ્યા છે. બેંકવાળાને લાગતા વળગતાને પાછળના બારણે નોટો બદલી આપતા હોવાની બૂમો ઊઠી રહે છે. અને લાઈનમાં ઊભા રહેલ વ્યક્તિને માત્ર ત્રણ હજાર કે ચાર હજાર આપવામાં આવી રહ્યા છે.

આ તમામ બેંકોના સીસીટીવી ફુટેજ જોવામાં આવે તો ઘણું બહાર આવવા પામે તેમ છે.

# રાયગઢના યુવાનોએ ગામને સ્વચ્છ બનાવવા આદર્યુ અનોખું અભિયાન

### ગામમાં સફાઈ હાથધરી, ડસ્ટબીન બનાવી ઘરે-ઘરે વિતરણ : ગામનાં મહોલ્લે મહોલ્લે રાત્રી મિટીંગ ભરી ગ્રામજનોને સફાઈ અભિયાનમાં જોડાયા

મોડાસા, તા.૨૫

સ્વચ્છતા અંગે રાયગઢ ગામના યુવાનો જાગૃત બનતા છેક ૧૯ દિવસથી ગામ સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના યુવાનોએ કોઈ પણ સ્વાર્થ વગર સ્વખર્ચે ગામ સફાઈ હાથ ધરી છે. ગામના યુવાનો દ્વારા મહોલ્લે-મહોલ્લે મિટીંગ યોજી ગામ લોકોને પોતાના વિસ્તારમાં કઈ રીતે સ્વચ્છતા રાખવી તેના વિશે સમજાવી લોકોના ઘરોમાં પડી રહેલા



નકામા તેલના ડબ્બા પણ રાત્રી મિટીંગ દ્વારા એકત્રિત કરીને ડબ્બાને કલર કરી ડબ્બા પર 'કચરો મને આપો' લખીને કચરાપેટી બનાવેલા ડબ્બાઓ ગામના વિવિધ



વિસ્તારો અને બજારોમાં લગાવવામાં આવ્યા છે.

રાયગઢના યુવાનો ઈશાન રૂપાલીના જણાવ્યા મુજબ ગામને સ્વચ્છ બનાવવા અને ગામના લોકો નિરોગી બને તે માટે ગામના યુવાનોએ વેસ્ટમાંથી બેસ્ટ બનાવી નકામા બની ગયેલા તેલના ડબ્બાઓને કલર કામ કરી ડસ્ટબીનમાં રૂપાંતરિત કરી અનોખી રીતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. 'રાયગઢ ગામ સ્વચ્છ ગામ' બનાવીને જ જંપીશું તેમ યુવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## થરા રેફરલ હોસ્પિટલમાં ભાજપના કાર્યકરો દ્વારા ફ્રુટ વિતરણ

પાટણ, તા.૨૫

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરાની રેફરલ હોસ્પિટલ ખાતે થરા શહેરના ભાજપના કાર્યકરો દ્વારા અટલ બિહારી બાજપાઈના જન્મદિવસ નિમિત્તે ફ્રુટ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઈન્ચાર્જ મીનાબેન પટેલ, ભારતસિંહ ભદ્રેસરિયા, અચરતલાલ ઠક્કર, મુળરાજસિંહ વાઘેલા, સુખદેવસિંહ સોઢા, થરા શહેર ભાજપ પ્રમુખ તેજાજી ધાંધોસ, રાયમલભાઈ પટેલ, કનુભાઈ ઠક્કક સહિત થરા શહેર ભાજપના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.



## શિહોરી-દિયોદર રોડ ઉપર કુંવારવા પાસે રૂ ભરેલ મેટાડોર પલટ્યું

શિહોરી-દિયોદર રોડ ઉપર આવેલ કુંવારવા ગામ પાસે એક ૪૦૭ (મેટાડોર) નં. જીજે-૩-ટી-૯૨૫૭નો ચાલક ઠાકોર કાંતિજી ચતુરજી રહે, સુંઢા તા. પાલનપુર, વાળો સાથે રૂ ભરેલો કોથળાના માલિકો ૫ વ્યક્તિ ગાડીમાં સવાર હતા. આ લોકો પાલનપુર તાલુકાના સુંઢા ગામેથી રૂ ભરીને દિયોદરની શિવમ્ જીનીંગમાં જઈ રહ્યા હતા. તે દરમિયાન કુંવારવા રોડ ઉપર અચાનક ખાલી સાઈડનું પાચલું ટાયર ફાટતા ગાડી રોડ ઉપર જ પલ્ટી મારી હતી.

# પાલનપુરમાં બે બાળકોને વીજ કરંટ લાગતા ગંભીર ઈજા

પાલનપુર, તા.૨૫

બનાસકાંઠાના પાલનપુરની સિદ્ધાર્થ સોસાયટીમાં ૨ બાળકો વીજ કરંટથી દાઝી જવાનો ગંભીર મામલો સામે આવ્યો છે જ્યારે સ્થાનિકો કહી રહ્યા છે ચાઈના દોરીથી પતંગ ચગાવતા આ ગંભીર બનાવ બન્યો છે

પાલનપુરની સિદ્ધાર્થ સોસાયટીમાં રહેતા નૃપ અગસ્તભાઈ સોલંકી અને ચિરાગ પ્રકાશ ભાઈ પુરબીયા નામના ૨ બાળકો મકાનના ધાબા પર પતંગ ચગાવી રહ્યા હતા ત્યારે અચાનક પતંગની દોરી ત્યાંથી પસાર થતી ૬૬ કે.વી.ની વીજલાઈનમાં ફસાઈ ગઈ હતી. જેને નીકળવા જતા આ વીજલાઈનમાં દોરી દ્વારા કરંટ ચિરાગના શરીરમાં પ્રવેશ્યો હતો. જો કે કરન્ટ એટલી હદે ભયાનક હતો કે બાળકના શરીરમાંથી કરંટ ફૂટ્યો હતો જો કે ચીરાગને કરન્ટમાંથી છોડાવવાના પ્રયત્નમા સાથી બાળક



એવો નૃપ પણ કરન્ટની જપેટમાં આવી ગયો હતો જો કે કરન્ટ એટલી હદે ભયાનક હતો કે ચિરાગ ૮૦ ટકા ઉપરાંત દાઝી ગયો હતો જો કે ૨ બાળકો ને ખાનગી વાહન મારફતે સિવિલ મા સારવાર અર્થે લવાયા હતા જો કે ચિરાગ ની હાલત નાજુક જણાતા બન્ને બાળકો ને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હતા.

ચાઈના દોરીથી બંને બાળકો પતંગ ચગાવતા હતા જો કે દોરી નજીક પસાર થતી ૬૬ કે.વી.ની લાઈનમાં ફસાઈ જતા બન્ને વાયર ભેગા થઈ ગયા હતા જેને પરિણામે બાળકોને કરંટ લાગ્યો હતો જો કે આ ભયાનક કરન્ટને કારણે ૫ થી ૬ મકાનોના મીટર બળી ગયા હતા અને વીજ ઉપકરણોને નુકસાન થયું હતું.

એક બાજુ સરકારે ચાઈના દોરી પર પ્રતિબંધ મૂક્યો છે ત્યારે આજે પાલનપુરમાં ચાઈના દોરીને કારણે બે માસુમના જીવ જોખમ મા મુકાયા છે ત્યારે સવાલ એ છે કે કાયદા ની અમલવારી માત્ર કાગળ પર છે.ત્યારે આગામી ઉત્તરાયણના તહેવારને અનુલક્ષી સરકાર ચાઈના દોરી પરનો બેન કેવી રીતે અમલ કરાવે છે એ જોવું રહ્યું.



અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો દ્વારા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈના જન્મદિન નિમિત્તે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાર્વજનિક હોસ્પિટલના દર્દીઓને ને અરવલ્લી જિલ્લાના સંગઠનના પ્રમુખ રણવીરસિંહ ડાભીના હસ્તે ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયથી બસસ્ટેશન સુધી રેલી કાઢવામાં આવી હતી. જેમાં ભાજપ સંગઠનના મહામંત્રી શામળભાઈ પટેલ, શહેર ભાજપ સંગઠનના પ્રમુખ જગદીશભાઈ ભાવસાર તથા અન્ય હોદ્દોદારો, કાર્યકરો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

## પાલનપુરની નાની બજારની મહિલાનું વીજ કરંટથી મોત

પાલનપુર, તા.૨૫

પાલનપુરની નાની બજારમાં રહેતી ૨૩ વર્ષીય સલાતુનબેન જૂબેરભાઈ સલાટને વીજ કરંટ લાગતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. દરમિયાન પોલિસે મૃતક મહિલાના મૃતદેહને પી.એમ. માટે ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા હાઉસીંગ સોસાયટીની બેઠક મળી

સાબરકાંઠા જિલ્લાની હાઉસીંગ મંડળીઓના ચેરમેન અને સેક્રેટરીઓની મિટીંગ ગુજરાત સ્ટેટ કો. ઓ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન અમદાવાદના ડીરેકટર અને સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ એ. પટેલના અધ્યક્ષ સ્થાને હિંમતનગર શહેરના સહકાર હોલમાં મળી હતી.

જેમાં જિલ્લાના હાઉસીંગ સોસાયટીના લીન્ક શેરની રકમ પરત મેળવવા અરજી કરેલ છે. તેઓને રકમ પરત અપાવવા માટે સનિષ્ઠ પ્રયત્નો કરવા બદલ બિરદાવવાની મીંટીગ મળી હતી. તેમજ મહેશભાઈ પટેલે વધુમાં હાઉસીંગ સોસાયટી મંડળીઓના પ્રશ્નો તેમજ તમે વધુ કેવી રીતે વિકાસ કરી શકો તમને સરકારમાંથી વધુ કેવા લાભો થાય તેની વિસ્તૃત માહિતી આપી હતી. જે સૌ સભાસદોએ આવકાર આપી સહકાર આપવાની ખાત્રી આપી હતી. તેમજ વધુમાં મહેશભાઈએ તેઓને જન-ધન, જનસુરક્ષા - અટલ પેન્શન - ડિજિટલ ઈન્ડિયા વગેરે યોજનાઓથી માહિતગાર કર્યા હતા.

# અટલ બાજપાઈજીના જન્મ દિવસ પ્રસંગે હિંમતનગરમાં સુશાસન દિવસની ઉજવણી

હિંમતનગર, તા.૨૫

ભારત રત્ન અને ભારતના પૂર્વ વડાપ્રધાન અટલબીહારી બાજપાઈનો આજે ૯૨માં જન્મ દિવસ પ્રસંગે હિંમતનગર શહેર ભાજપ દ્વારા પદયાત્રા તેમજ સુશાસન દિવસ ઉજવવાનું આયોજન કરેલ જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે કાર્યકરોને શપથ લેવડાવી જણાવેલ કે, બાજપાઈજીએ શુસાશનની શરુઆત કરી હતી. પોખરણનું જે કાર્ય કર્યુ તે દુનીયાએ ગર્જના જોઈ હતી કે ભારતમાં કેટલી તાકાત છે આજે દેશમાં ભાજપના શાસનમાં જે કોઈ યોજનાઓ છે, લાલ બહાદુર શાસ્ત્રી એ પણ જય જવાન- જયકિસાન, જયવિજ્ઞાન ને ચરીતાર્થ કરેલ છે.

જે.ડી.પટેલે જણાવેલ કે, સમગ્ર જીલ્લામાં ભાજપના કાર્યકરો દ્વારા આજે બ્લડ ડોનેશન કેમ્પ, ફ્રુટ વિતરણ, મેડીકલ કેમ્પ નું પણ આયોજન કરેલ હતુ. જે કાર્ય આપણને બાજપાઈજીના જીવનમાંથી પ્રેરણા મળે છે. હિંમતનગર શહેર ભાજપ પ્રમુખ અનીરુધ્ધભાઈ સોરઠીયાએ જણાવેલ કે, અટલજી આપણને ઋષીતુલ્ય વડાપ્રધાન મળ્યા હતા તેમનું જીવન પ્રેરણા દાયી છે. એક ડાઘ પણ તેમના જીવનમાં પડ્યો નથી. સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે જણાવેલ કે, રાષ્ટ્ર સમર્પીત વ્યક્તિત્વ બાજપાઈજીને



હૃદયપૂર્વક શુભકામનાઓ આપીએ, પરંતુ તેમના જીવનમાંથી અનુકરણ કરીયે, તે સ્પષ્ટ વક્તા, નિષ્ઠા ઉમેરાય તેવી પ્રેરણા લઈએ તો સારુ, અટલજીના નામથી અટલ પેન્શન યોજના મળી તે માટે મને પણ ગર્વ છે કે, હું પણ આયોજનાથી સમગ્ર ભારતમાંથી બે વખત એવોર્ડ મેળવી કાર્ય કર્યુ તેનુ આપણે તન-મન-ધનથી રાષ્ટ્ર નિર્માણમાં કાર્ય કરીએ. પાલીકા પ્રમુખ નીલાબેન પટેલે જણાવેલ કે, એમના કાર્યોને યાદ કરી એ મન બનાવેલા રાહ પર ચાલીયે.

આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ હસમુખભાઈ પટેલ, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, પાલીકા કારોબારી અધ્યક્ષ અમૃતભાઈ પુરોહીત, શહેર ઉપપ્રમુખ હેમંત ડોડીયા, બંટીભાઈ મહેતા, અતુલ સોમપુરા, પૂર્વ જીલ્લા મહામંત્રી હિરેનભાઈ ગોર, બીપીનભાઈ ઓઝા, રેખાબેન ત્રિવેદી, શહેર મહામંત્રી દીલીપભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રાજપુત, રમેશભાઈ પ્રજાપતિ, ઘનશ્યામસિંહ ભાટી, નગરસેવક રાકેશભાઈ પટેલ, રીનાબેન ધુવાડ, શૈલેષ ધુવાડ, રાહુલ ભટ્ટ, અક્ષય પરમાર, જયેશ પટેલ(કવી), બ્રીજેશ પટેલ, દેવાંગ શુકલ, શ્રીમતી વિમળા પ્રસાદ, અર્ચનાબેન સોની, કર્નલ રાવલ, જયેશ વ્યાસ સહિત અનેક કાર્યકરો હાજર રહેલ. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી શહેર મહામંત્રી હર્ષદભાઈ મિસ્ત્રીએ કરેલ.



લોકદરબારમાં પોલીસ મહાનિદેશક દ્વારા ૨૦૧૬ના લોકઅદાલતના અરવલ્લી જિલ્લા પોલીસના વાર્ષિક ઈન્સ્પેક્શન અન્વયે યોજાયેલી લોક દરબારમાં છેલ્લા કેટલાક વર્ષોથી બંધ પડેલ પોલીસચોકી ટૂંકાગાળામાં કાર્યરત કરવામાં હૈયાધારણ રાખવા બાબતે રેન્જ આઈજીએ વક્તવ્યમાં જણાવેલ. કાયદાની મર્યાદામાં રહી પ્રજાના પ્રશ્નો પોલીસતંત્ર હલ કરી આપશે. જિલ્લામાં હાલમાં પોલીસ કોન્સ્ટેબલ ઘટ સામે નવી ભરતી કરાયેલ ૧૨૦ કોન્સ્ટેબલ, ઘટ સામે નવી ભરતી કરાયેલ છે. ટાઉનને બી-ડિવીઝન પોલીસ બનતા, નવા મકાન કૉલે સામે બનનાર છે. ટીંટોઈને પણ સ્વતંત્ર પોલીસ સ્ટેશન ફાળવવાની કામગીરી પ્રોસેસમાં હોવાનું જણાવેલ છે.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તમામ તાલુકા મથકોએ

## ભારતરત્ન અટલજીના સુશાસન દિવસની ઉમંગભેર ઉજવણી કરાઈ

મોડાસા તા.૨૫

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં આજે પૂર્વ વડાપ્રધાન અટલજીના જન્મ દિવસની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લામાં પણ મોડાસા સહિત તમામ ૬ તાલુકા મથકોએ અને સાબરકાંઠામાં હિંમતનગર સહિત તમામ તાલુકા મથકોએ પૂર્વ વડા પ્રધાન ભારત રત્ન શ્રી અટલજીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં વિવિધ સંગઠનો અને બન્ને જિલ્લાઓમાં જિલ્લા ભાજપ દ્વારા રેલી યોજીને તેમજ મોદાસની સાર્વજનિક હોસ્પિટલ ઉપરાત વિવિધ હોસ્પિટલોમાં દર્દીઓને ફ્રૂટ્સનું તેમજ ભોજનનનું વિતરણ કરીને પૂર્વ વડાપ્રધાન અટલજીના જન્મદિવસની ઊજવણી કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી. જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ,પાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ,ઉપપ્રમુખ દિનેશભાઈ ગુર્જર અને શહેર ભાજપ પ્રમુખ જગદીશ ભાવસાર ,જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જયેશભાઈ આર. પટેલ અને જિલ્લા સહકારી સંઘના ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ.જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ ભીખુસિંહ પરમાર .શહેર મહામંત્રી યશવંત વ્યાસ, મહામંત્રી રણધીર ચૂડગર તેમજ તાલુકાના ભાજપ હોદેદારો, કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે સાબરકાંઠામાં પણ જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ અને પાર્ટીના હોદેદારો,કાર્યકરોએ અટલજીના જન્મદિનની સુશાશન દિન તરીકે ઉજવણી કરી હતી અને સિવિલ સહિતની જિલ્લાની વિવિધ તાલુકા મથકોની હોસ્પિટલોમાં જઈને દર્દીઓને ફ્રૂટ્સનું વિતરણ કરાયું હતું.

## બુકોલી ત્રણ રસ્તા પાસે બે બાઈક અકસ્માત

પાટણ, તા.૨૫

પાટણ-શિહોરી રોડ ઉપર અકસ્માતોનો સિલસિલો યથાવત છે. અકસ્માત બમ્પ ન હોવાના કારણે થાય છે. અકસ્માત લોક મુખે ચર્ચાઓ જાગી. બુકોલી ત્રણ રસ્તા પર હોન્ડા નં. જીજે-એએ-૬૧૦૨ તથા પ્લેટીના બાઈક નં. જીજે-૨૪-એલ-૫૪૨૯ સામસામે ધડાકાભેર ટકરાયા હતા.

જો કે બે વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. જેઓ રાજસ્થાનના ફેરિયા હતા. જયારે શિહોરીના ઠાકોર સાબાજી શંકરજીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેથી સ્થાનિક લોકોએ શિહોરી ૧૦૮ ને ફોન કરતાં શિહોરી રેફરલ હોસ્પિટલમાં લવાયા હતા.



જયાં ડૉ. માનસુંગભાઈ ચૌધરીએ સાબાજી ઠાકોરને વધુ ઈજા માથાના ભાગે હોઈ પાટણ રિફર કરવા જણાવ્યું હતું. તેમજ અમદાવાદ લઈ જવો પડે તેવી માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. આમ પાટણ-શિહોરી રોડ ઉપરના બુકોલી ત્રણ રસ્તા પર બમ્પ મુકવા માંગ ઉઠવા પામી છે.



### છાપી પોલીસ સ્ટેશન કેશલેશ જાહેર કરી સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી

આજ રોજ ભારતરત્ન અટલ બિહારી બાજપેયીજીના જન્મદિવસ સંદર્ભે સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના માધ્યમથી છાપી પોલીસ સ્ટેશનમાં તમામ પોલીસ કર્મીઓને કેશલેશ ટ્રાન્જેકશન વિશે માહિતી આપવામાં આવી તેમજ પોલીસ જવાનો પોતાનાં વિસ્તારમાં ગ્રામજનોને તેની માહિતી આપી શકે તે ટ્રેનિંગ પણ આપવામાં આવી. ગુજરાત સરકારના સુશાસન દિવસની ઉજવણીના ભારરૂપે છાપી પોલીસ સ્ટેશન કેશલેશ જાહેર કરી સમગ્ર જિલ્લામાં તાલીમ લેતુ પ્રથમ પોલીસ સ્ટેશન હશે. તેવું પી.એસ.આઈ. પરમારે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રમાં જિલ્લા ચેરમેન ગૌરાંગભાઈ પાદવા, મેહુલભાઈ ગઢવી, રાકેશભાઈ તેમજ ટ્રેનર લાલગીરીજી, હાજર રહ્યા. સમગ્ર કાર્યક્રમની છાપી પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. પરમાર સાહેબે સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

## ભલગામે લાખોની કિંમતની દારૂ ભરેલી ટ્રક જપ્ત

શિહોરી, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લાના થરા પોલીસ મથક વિસ્તારમાં આરઆરસેલ ભુજની ટીમે બાતમીના આધારે ખેતરમાંથી સંતાડેલો લાખ્ખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પોલીસે કાંકરેજ ગામના દિલીપ પોપટભાઈ ઠાકોરના ખેતરમાંથી આ જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે આરજે.૦૪. જીએ.૯૭૬૧ નંબરની ટ્રકમાંથી ૧૦,૬૪૪ નંગ વિદેશી દારૂની બોટલ તથા ટ્રક અને કાર મળી કુલ રૂ. ૩૪,૮૮,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેની તાપસ આરઆરસેલ ભુજ ચલાવી રહી છે.